ॐ

श्री तत्त्वादर्श.

अथवा

त्म पुराणनो टुंक सार.

યોજક

यति मुकुन्दाश्रम.

પ્રસિદ્ધ કર્તા

एक जिज्ञासु सज्जन.

શ્રી સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકલચંદ
હરિલાલે છાપ્યું.

મૂલ્ય રૂ. ૦-૦-૬.

પ્રસ્તાવના.

તત્વવિદ્ **યતિ શ્રી મુકુન્દાશ્રમજીના** શ્રી મુખ-થી **આત્મપુરાણ** શ્રવણ કર્યા પછી શ્રોતૃ વર્ગની એવી ઇચ્છા થઈ કે પ્રત્યેક અધ્યાયમાંથી યોગ્ય સાર કવિતાના રૂપમાં ઉધ્ધૃત કરવામાં આવે તો મનન કરવાનું વધારે સુલ્લભ થઈ પડે તેથી તે વિચાર **માહારાજશ્રીને** વિદિત કરતાં તેમણે યથા બુદ્ધિ આ સાર સ્વરૂપે કાવ્ય રચના કરી આપી તે પૂર્વોક્ત હેતુથી છપાવી પ્રસિદ્ધિમાં મૂકવા પ્રયત્ન કીધો છે તો સજ્જન વૃંદો "**हंस क्षीर न्याये**" સ્વમત્યાનુ સાર તત્ત્વ ગ્રહણ કરી સ્વરૂપાભિ મુખ થાઓ એવી શુભેચ્છા-પૂર્વક વિરમતાં આ લઘુ ગ્રંથની ટૂંક પ્રસ્તાવના પૂર્ણ થાય છે. અસ્તુ. ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

સંવત ૧૯૬૫ }
દીપોત્સવી—સ્તંભતીર્થ. } **પ્રસિદ્ધકર્તા.**

ॐ

श्री तत्त्वादर्श.

अथवा.

आत्म पुराणनो टुंकसार.

सुमंगलम्.

દોહરો.

ગોવિંદ તે ગુરૂ છે સદા, ભજું પાદ અર્વિંદ
ભજતાં ભૂલું દેહતો, મુકુંદ તે ગોવિંદ.

રાગ ગરબી (દાણચાતુરીનો લય)

સેવું સ્નેહથી શ્રી ગુરૂ પાદ પદ્મને જો—ટેક ॥
પામું પરાત્પર પૂર્ણ બ્રહ્મ છદ્મને[1] જો. સેવું ૧

---

૧ [illegible]

નિર્દ્વંદ્વ તત્વ દ્વંદ્વમાં રહ્યું રમી જો.
ભૂલી તેહ જીવ ભ્રમણતાથી રચ્યો ભમીજો.
સેવું. ૨
અહર નીશ માયા જાળ માંહે આથડે જો.
આધિ વ્યાધિને ઉપાધિમાં તે જઇ ભડે જો.
સેવું. ૩
વારૂં તોય વાસના વળી વળી વરે જો.
તેના યોગથી ચોરાશી લક્ષમાં ફરેજો.
સેવું. ૪
જવા ઉરથી સહુએ અંધકારને જો.
કથું ગુરૂ કૃપાથી આત્મપુરાણ સારને જો.
સેવું. ૫
હોય સુજન કુજન તોય નમું નેહથી જો.
નથી આત્મ રૂપે પૃથક કહિ એહથી જો.
સેવું. ૬
ખાપમાંથી સાફ નગર જેમ જણાય છે જો

વિબુધને જ્ઞાન તેમ કાવ્યમાંથી થાય છે જો.
સેવું. ૭

પ્રથમ સર્ગમાં[1] કહ્યું છે ઋગવેદનું જો.
ઐતર્ય ઉપનિષદે તત્વ અભેદનું જો.
સેવું. ૮

સનકાદિક વામ દેવના સંવાદથી જો.
ગાયું રહસ્યને અતી આહ્લાદથી જો.
સેવું. ૯

વામદેવ ભાગ્યશાળી તો પૂરા દિસે જો.
થયું જ્ઞાન જેને માત ગર્ભની વિષે જો.
સેવું. ૧૦

અન્ય અધિકારીને જાગૃત એણે કર્યા જો.
જેથી જન્મ મરણ સર્વનાં સ્હેજે ટળ્યાં જો.
સેવું. ૧૧

કહ્યું કૌષિતકિ બીજા ત્રીજા સર્ગમાં જો.

---

૧ અધ્યાયમાં.

શુભ જ્ઞાન જેનું વિરકતના વર્ગમાં જો.
સેવું. ૧૨

જીતી વસુધા પ્રતર્દન સ્વર્ગમાં ગયો જો.
લડતાં ઇંદ્ર સાથે વિજયરાયનો થયો જો.
સેવું. ૧૩

પેખી પ્રાક્રૃમ પ્રસન્ન પુરંદર અતી જો.
કહે માગ માગ ભૂપતું માહામતી જો.
સેવું. ૧૪

વદે નૃપતિ તમે સુરપતિ શ્રવણે ધરો જો.
આપી અમર વર કૃત કૃત્ય હાવાં કરો જો.
સેવું. ૧૫

પછી જ્ઞાન ઉત્તમ શક્રે તેને ત્યાં કર્યું જો.
લક્ષ રાજ્ઞનું તે અખંડ રૂપમાં ઠર્યું જો.
સેવું. ૧૬

ત્રીજા સર્ગની કથું જે વાત યાદછે જો.
અજાત શત્રુને બાલાકિનો વિવાદ છે જો.
સેવું. ૧૭

અભિમાન કરી વિપ્ર પ્રથમ આવિયો જો.
રાજન બોધ પાસે વાદમાં ન ફાવિયો જો.
સેવું. ૧૮
નૃપ પાસથી સત્ય જ્ઞાન તેણે મેળવ્યું જો,
પછી સમજીને મનસ્વરૂપ સાથે ભેળવ્યું જો.
સેવું. ૧૯
બૃહદારણ્ય યજુર્વેદનું કહેવાય છે જો,
તેના ચાર પાંચ છ સાત અધ્યાય છે જો.
સેવું. ૨૦
અતિથિ રૂપે ઇંદ્ર આવ્યો મુનિદ્વારમાં જો.
કહે દધિચી માગ વસ્તુ તે સત્કારમાં જો.
સેવું. ૧૧
બોલ્યો જિષ્ણુ[૧] શામા શ્રેય તે જાણું નહિ જો.
વિચારી હિત મારૂં આપ આપશો સહી જો.
સેવું. ૨૨
હૃદય ઉતરી પડયા ઋષિ વિચારમાં જો.

૧ ઇંદ્ર.

શ્રેય છે જ્ઞાનથી પણ ખામી અધિકારમાં જો.
સેવું. ૨૩
અધિકાર જોતાં વચન મારૂં જાય છે જો.
દેતાં જ્ઞાન સુધા વ્યર્થશ્રમ થાય છે જો.
સેવું. ૨૪
છતાં બોલ તોલ રહે માટે આપવું જો.
જાયે શીર તોયે વેણુના ઉત્થાપવું જો.
સેવું. ૨૫
સહસ્ત્રાક્ષ[૧] તારા હાથમાં ત્રય લોક છે જો.
વંજા સૂત જેવાં જાણજે તે ફોક છે જો.
સેવું. ૨૬
સુણી મઘવન કહે છે મદ લાવીને જો.
જૂઠું કહી જવું છે સર્વ એ પચાવીને જો.
સેવું. ૨૭
મિથ્યા મૂર્ખ બોધ કોઇને દેશો તમે જો.
છેદીશ શીશ નકી વજ્ર થકી તે સમે જો.
સેવું. ૨૮

---

૧ ઈંદ્ર.

આકશાસન એવું કહીને સિધાવિયાજો.
અશ્વનિકુમારો તુરત તહાં આવિયાજો.
સેવું. ૨૯

પછી પાય કહે જ્ઞાન ગુરૂજી કરો જો.
સ્વરૂપ જ્ઞાન આપી આવાગમનને હરોજો.
સેવું. ૩૦

ઉંપદેશ દેતાં દેવેશે[૧] માથું કાપિયુંજો.
દસ્ત્રે[૨] સદ્ય તેને શરીર ઉપર સ્થાપિયું જો.
સેવું. ૩૧

પંચમ સર્ગમાં જનક તણી સભા વિષે જો
મળ્યા મુનીઓ ગૌદાનને લેવા મિષે જો.
સેવું. ૩૨

યાજ્ઞવલ્કયે ધેનું ધન સર્વને ગૃહ્યું જો,
સામ સામું તેથી વૈર વિપ્રમાં થયું જો.
સેવું. ૩૩

---

૧ ઇંદ્ર.
૨ અશ્વનિકુમાર.

યાજ્ઞ વલ્કય સાથે જલ્પવાદ [1] ત્યાં થયોજો
તેમાં શાકલ્ય તે શ્રાપથી બળી ગયો જો.
સેવું. ૩૪
મિથિલા પતિનો ભય ટહ્યો ખટસર્ગથીજો.
આપી બોધ કર્યો અભય અપવર્ગથી જો.
સેવું. ૩૫
સપ્તમાં સતી શ્રી મૈત્રી યાજ્ઞવલ્કયની જો.
તેને જ્ઞાન આપી કાપી ફાંસી કલ્પની જો.
સેવું. ૩૬
ભવ [2]ત્યાગી મુની રાગી ભવમાં [3]થયાજો.
અંતે બ્રહ્મરૂપ સર્વત્ર વ્યાપિ રહ્યા જો.
સેવું. ૩૭
શ્વેતાશ્વેતરતણી વાત સર્ગ અષ્ટમાં જો.

---

૧ એક બીજાને જીતવાની ઇચ્છાથી જે વાદ થાય છે તે.

૨ સંસાર.

૩ માહાદેવ.

વિચારે ઋષિ કયું કારણુ છે કષ્ટમાં જો.
સેવું. ૩૮

માયા મૂળ ભવ શૂળનું નિશ્ચે થયું જો.
થતાં જ્ઞાન પ્રભા અંધારૂં ઉડી ગયું જો,
સેવું. ૩૯

કઠવલ્લી ભક્તિ[1] સર્ગ વિષે છે ભરીજો.
નાચિકેત યમરાજ સંવાદે કરી જો;
સેવું. ૪૦

પિતા વચન માટે પુત્ર નર્કમાં પળ્યો જો.
પામી જ્ઞાન માન પુનઃ તે પાછો મળ્યોજો.
સેવું. ૪૧

કહ્યાં દશમ સર્ગે તૈતરી નારાયણી જો.
વરૂણુપાસભૃગુ તપથી જ્ઞાન ગ્યા ભણી જો.
સેવું. ૪૨.

વેન ગંધરવેં અનુભવ્યો છે આતમાં જો

૧ ભક્તિ એટલે નવ.

સત્યાદિ સાધનેથી મળે પરમાત્તમાંજો.
સેવું. ૪૩

એકાદશમાં જાબાલાદિ રૂદ્ર[1] છે કથ્યાં જો.
વૈરાગ્ય છે સંન્યાસ કારણ સર્વથા જો.
સેવું. ૪૪

મૃત્યુ વિચારે વૈરાગ્ય ઉર આવશે જો.
ગર્ભ દુઃખ યાદી મોહને છોડાવશે જો.
સેવું. ૪૫

શીખા સૂત્ર ત્યાગ દંડ બાહ્ય વેશ છે જો
આત્મ જ્ઞાનતણો તેથી ન્યારો દેશ છે જો.
સેવું. ૪૬

બારતેર ચૌદે સામનું છાંદોગ્ય છે જો.
દ્વાદશે ઉદ્દાલક શ્વેતકેતુ યોગ છે જો.
સેવું. ૪૭

બાળપણે બહુ લાડ કીધાં બાળને જો.

---

૧ રૂદ્ર એટલે અગ્યાર.

કરી ભૂલ વોર્યું મૂર્ખ તણું આળને જો.
સેવું. ૪૮
વિદ્યા ગૃહણુ માટે રહ્યો ગુરૂ સંગમાં જો
પંડિતાઇથી અભિમાન આવ્યું અંગમાં જો
સેવું. ૪૯
આવ્યો અક્કડ લકડ સરીખો ઘરમાં ફરેજો.
નમન માત પિતાને કહિએ ના કરે જો.
સેવું. ૫૦
પિતા કહે સુણુ સૂત મારી સાનને જો.
સહુ સમજાય એવા જાણુ છો એક જ્ઞાનને જો
સેવું. ૫૧
શ્રવણુ કરતાં અભિમાન ગયું ઉતરી જો.
જ્ઞાન લેવા માટે તાતની સ્તુતિ કરી જો,
સેવું. ૫૨
ઉદ્દાલક કહે તત્વ રૂપે તુંજ છે જો.
નામ રૂપ જતાં જ્ઞાન તણો પુંજ છે જો.
સેવું. ૫૩

એ જ્ઞાન તણી નવ વખત ગાથા કહી જો
તેથી સ્વરૂપ ખુમારી તેને છાય રહી જો.
સેવું. ૫૪

ભૂમા તણું સ્વરૂપ ગાયું સર્ગ તેરમાં જો.
સનત્કુમારે નારદને કહ્યું લહેરમાં જો.
સેવું. ૫૫

પ્રજાપતિ પાસ ઇંદ્ર વિરોચન ગયા જો.
કહ્યું ગુપ્ત જ્ઞાન તે પરે કરી દયા જો.
સેવું. ૫૬

તેમાં દૈતપતિ દૂર રહ્યો જ્ઞાનથી જો
થયો સુરપતિ અલગ અજ્ઞાનથી જો.
સેવું. ૫૭

કહી ચતુરદશે વાત એ વિદ્યા તણીજો.
સહુ અન્ય વિદ્યા તણી એ શીરોમણી જો.
સેવું. ૫૮

પંદર સર્ગે સહુ ભૂલ્યા સુર અહંકારથી જો.

પુનઃ પામ્યા પદ ઉમા ઉપકારથી જો.
સેવું. ૫૯

અથર્વાને આપી વિદ્યા, સર્ગ સોળમાં જો.
શૌનકે અંગિરાને ચોજ્યા, જ્ઞાન ખોળમાં જો.
સેવું. ૬૦

અથર્વણુમાં પ્રશ્ન ઉપનિષદ છે રહ્યું જો.
મુની પિપ્પલાદે સુકેશાદિને કહ્યું જો.
સેવું. ૬૧

સત્તર સર્ગ વિષે વાત કહી ૐકારની જો.
જે છે મન વાણી અને ગુણો પારની જો.
સેવું. ૬૨

અષ્ટા દશમાં કહી નૃસિંહની ઉપાસના જો.
ટળે જેથી અધિકારી તણી વાસના જો.
સેવું. ૬૩

આશા પાશ જતાં જ્ઞાનનો પ્રકાશ છે જો.
તેથી પુનરાવર્તન તણો નાશ છે જો.
સેવું. ૬૪

શંકરરૂપ મુની શંકરે કહી કથા જો.
અધિકારી તણું રૂપ તે કહે યથા જો.
સેવું. ૬૫.

વિવેક વૈરાગ્ય શમ દમાદિ સંપત્તિ જો.
શ્રવણ મનન નિદિધ્યાસ હરે વિપત્તિ જો.
સેવું. ૬૬

દયા દાન દિનતા તે રાખે દીલમાં જો.
સદાયે રહે તે શાન્તિ તણા શીલમાં જો.
સેવું. ૬૭

એવા અધિકારી તે ગુહ્ય જ્ઞાનને ગૃહે જો.
પઠે વિષયિ તો અધિકારી પદ લહે જો.
સેવું. ૬૮

નિત્ય પ્રીત આણી પ્રેમથી જન જે રટે જો.
અવિદ્યા દૂર થઇ જ્ઞાનને રસ્તે ચડે જો.
સેવું. ૬૯

જ્ઞાન પથે જતાં બ્રહ્મ રૂપ થાય છે જો.

અભેદ ભાન થતાં ભેદ સૌ વિલાય છે જો.
સેવું. ૭૦

ભેદ સાથે ભય ભવતણો ભાગી જશે જો.
હરિરૂપ સહુ જગત આ સ્હેજે થશે જો.
સેવું. ૭૧

રહે આનંદનો ઓધ પછી ઉરમાં જો.
બને મુકુંદસ્વરૂપ ડુબી પૂરમાં જો.
સેવું. ૭૨

॥ ૐ ॥

॥ અથ સ્વપ્ન ચોવીશી ॥

ચોપાયા છંદ.

ગર્ભત્રાસથી છુટી આવ્યો, હરિનું સમરણ કરવા,
માયાની અંધારી પડતાં, ફંદે લાગ્યો ફરવા;
કરારને જીવ કોરે મૂકી, શું વળગે છે આશે,
એ નયનો તુજ બંધ થતાં, સો સ્વપ્ના સમ
સમજાશે. ૧

પુત્ર પ્રસવની વાત જાણીને, માતા મનમા હુલસે;
પિંડપ્રપુલ્લિતથયું પિતાનું, કુટુંબસુખમાં વિલસે
એ ઉત્સવને ઉત્તમ સમજી, શાકરતો વ્હેંચાશે.
એનયનો. ૨

બાળપણામાં બહુબહુવિધથી, જનની લાડલડાવે,
રમતો નિજબાળક ન્યાળીને, હૃદય તાત હરખાવે;

ખાવું પીવું તથા ખેલવું, આનંદમાં દિન જાશે.
બેનયનો, ૩

કિશોર વયમાં કેળવણીને, રૂડી રીતે આપી,
વ્યવહારે બહુ ડાહ્યો દિસે, ધર્મ ન જાણુ તથાપિ;
પંડિતતા પેખીને પૂરી, પ્રવિણુ પ્રપંચમાં થાશે.
બેનયનો. ૪

ધન મેળવવા માટે તું તો, રાત દિવસ બહુ રળતો,
સુખ પામવા માટે મથતાં, દુઃખમાં જાએ[1] કળતો;
લાખકરોડ ખજાને ભરતાં, ધનપતિતું કે'વાશે.
બેનયનો. ૫

જોર જુવાની કેરૂં જાણી, મનથી થયો મદમાતો,
ચાલ ચમકતી ચટપટ ચાલે, અંગોથી મરડાતો;
અત્તરને ફૂલેલ લગાવી, ફોકટ ઉર ફૂલાશે.
બેનયનો. ૬

શરીરને શોભાવા માટે, ટાપટીપ બહુ કરતો,
અંતરતો ઉકરડા જેવું, વસ્ત્ર સાફ તું ધરતો;

---

[1] દબાતો.

નેહ ધરીને નિત્ય પછીથી, નાટક જોવા જાશે.
બેનયનો. ૭

માનુનીમાં મોહ કરીને, પછી પરણવા ચાહગો,
વરરાજાનો વેશ ધરીને, મોજ અતિશય માહગો;
રૂપવતી રામા દેખીને, પ્રેમ પાશ બંધાશે.
બેનયનો. ૮

મોટા મોટા મ્હેલ બનાવ્યા, તે સુંદિર શૃંગારી,
હાંડી તખતા ઝુમર ટાંગી, શોભા વળી વધારી;
પલંગ બીછાવી કરી રોશની, બેસે પ્રિયા પાસે.
બેનયનો. ૯

ઘોડા ગાડી લાડી વાડી, દ્વારે હાથી ઝૂલે,
બહુ સાહિબી નજરે નીરખી, હરિ હીરો તું ભૂલે;
શીર ઉપરે ચમર ઢળે છે, છત્રી જાલી દાસે.
બેનયનો. ૧૦

ખમા ખમા છડીદાર કહે છે, કરી લાંબા પોકારો,
હાજી કહેતા હજાર ઉઠે, સુણી તારો હોકારો;

હથિયારો ધારીને તારા, નોકર હિંડે વાંસે.
બેનયનો. ૧૧

દશ દિશમાં કીર્તિ પ્રસરી છે,નામ નીકળ્યું મોટું,
થયો બહુ મોટો વેપારી, લાખો ચલવે પોઠું;
ભાટ આવી ભપકાથી તારા, જાજા જશને ગાશે.
બેનયનો. ૧૨

દેશ વિદેશે બહુ દુકાનો, મોટી મોટી સ્થાપી,
નાતવરા મોટા કીધા પણ, ધર્મે પૈ ના આપી;
ભગવદ્ ભક્તિ મૂકી તું તો, ચડિયો મોજ વિલાસે.
બેનયનો. ૧૩

તરૂણીએતો તનુજ પ્રસવતાં, તાન વધ્યું છે તારૂં,
અભિમાનથી અંધ બન્યો, ના જુએ નરસું સારૂં,
મનમાંમલકાયેછે જગમાં,મુજસમકો નહિ થાશે.
બેનયનો. ૧૪

તેમ જુવાની વાયુ વેગે, ક્ષણિકમાં ગઇ ચાલી,
શરીરના સાંધા ખખડાવ્યા, વૃદ્ધા એતો જાલી;

તનનું તો સૌ તેજ ઘટ્યુંને, ન્હેરો પડયો પ્રીકાશે.
બેનયને. ૧૫

શ્રવણ સુણેના નયને સૂજે, થરથર કાયા કંપે,
બોલાયેના મૂખથી પૂરૂં, તોપણ તું ના ઝંપે;
શીરવાળો સૌ શ્વેત થયાને, ત્વચા ઝૂલે ચોપાસે.
બેનયને. ૧૬

કહ્યું કોઈ માને નહિં તારૂં, તોપણ લવરી કરતો,
ઢોર હરાયાની પેઠે તું, ચો બાજુએ ફરતો;
તૃષ્ણાના [1]તુરંગે બેશી, ઉડે ઉર આકાશે.
બેનયને. ૧૭

ખાધેલો ખોરાક પચેના, રોગે લીધો ઘેરી,
ઘરનાંને ગંદવાડ ગમેના, વ્હાલાં તે સૌ વેરી;
રામા જેના રે'તી વેગળી,આવે નહિ [2]અડાશે.
બેનયને. ૧૮

જગ છે જુઠું સુખ દુઃખ જુઠું, જુઠામાં શું રાચે,
હરિ હીરો મૂકીને મૂરખ, મોહી રહ્યો શું કાચે;

---

૧ ઘોડા. ૨ પાસે.

ચેતી લે ચિત્તમાં પ્રાણી તું, કાળ કારમો ખાશે.
બેનયનો. ૧૯
મારૂં મારૂં કરીને મરતાં, કાંય ન આવ્યું સાથે,
પુણ્ય હતું તેતો પરવાર્યો, પાપ પોટલી માથે;
જડ યોનિમાં જૈ પ્રાણી તું, પ્રભુ ગુણ કેમ ગાશે.
બેનયનો. ૨૦
કાળ તણી એ ક્રૂર ફાળથી, જો ઉગરવા ધારે,
મલીનતા સૌ મનની છોડી, જા ગુરૂ શરણાધારે;
સંત તણી સંગત કરતાં તું, સ્વરૂપ મધ્ય સમાશે.
બેનયનો. ૨૧
ચર્મ ચક્ષુ ફુટીને તારી, અંતર આંખો ખૂલે,
તો માયાની વૃત્તિ સર્વે, એક પલકમાં ડૂલે;
પ્રેમ નાથના પદમાં વધતાં, જગદાનંદ ભૂલાશે.
બેનયનો. ૨૨
નિર્ભય પદને નિશ્ચય પામી, સત્ય સુખમાં ઠરશે,
પુનરાવૃત્તિને ત્યાગીને, અભેદમાંહે મળશે;
અખંડ આનંદને અવલોકી, શાન્તિ હૃદયે થાશે,

અલૌકિક આંખો ઉઘડતાં, સત્ય સ્વરૂપ સમજાશે.
માટે મમતા મૂકી મનથી, શ્રી હરિ શરણે રહેજે,
અહંકારને ઇર્ષા કેરાં, મૂળો બાળી દેજે;
પરમ પ્રેમ ધારીને વસજે, મુકુંદ ચરણની પાસે,
અલૌકિક આંખો ઉઘડતાં, સત્ય સ્વરૂપ સમજાશે.

॥ ૐ ॥

॥ तत्वमस्याष्टक ॥

હરિગીત છંદની ચાલ.

સંસારના સંતાપમાં સમજ્યા વિના જઇને સડે,
અવિનાશથી અળગું રહી તું અસાર માંહે આથડે;
ત્યાગી ભ્રમણુતા તાહરી લે સ્વરૂપ લક્ષ હવે વરી,
તે તું જ છે તે તું જ છે મનબ્રહ્મમાં રે'ને ઠરી. ૧

નહિ સ્થૂળ સૂક્ષ્મ દેહ કે કારણુ નહિ તે આતમા,
આદેશ નેતિનો કરી પંડિત કહે પરમાતમા;
નિરોધ કે નિષેધ જેનો, કોકદિન શકે કરી.
તેતું જ. ૨

આકાશ આદિ ખલકને જે પલકમાં પેદા કરે,
પ્રવેશ કરીને પિંડમાં તે સર્વને પોતે ધરે;
આપંચકોષો ત્યાગતાં વસ્તુ વિશેષે રે'ખરી.
તેતું જ, ૩

વિષમ વિષયના દેશમાં આશરીરનો રથચાલતાં,
સંયમ લગાવી ચાબખો દૃઢ રેનવૃત્તિ જાલતાં;
શુદ્ધ ચિદ્ ખૂટે બાંધતા [1]હુયઇંદ્રિયોને આંતરી.
તેતુંજ. ૪

પરિછિન્નછે સૌ પૂષ્પ તેમાં એક સૂતર જેમછે,
ત્રય અવસ્થાના સાક્ષીરૂપે તત્વવ્યાપક તેમ છે,
બુદ્ધિ અને મનવાણીથી જે ચીજ છે સર્વોપરી.
તેતુંજ. ૫

જેમ કૂંદન કડાં કંઠી વિવિધરૂપે થાય છે,
તેમ પૂરૂષ જગ્તરૂપે નિગમ એવું ગાય છે;
અભેદને અદ્વૈત એવું સત્ય ચેતન રચું ફરી.
તેતુંજ. ૬

વર્ચસ્ વપુને જે પ્રકાશે તેજ અર્ક વિષે રહે;
ભાનું પ્રકાશે તેજ હું જ્ઞાતા [2]વ્યતિહારે કહે;
સુયત્નથી અભ્યાસ એવો ઉરમાં લેતાં ભરી.
તેતુંજ ૭

શુભદાનને ઉપાસના અધ્યયન કરીને વેદનું,

---

૧ ઘોડા. ૨ સરખામણી.

શ્રદ્ધા ધરે સત્ ચિત્તમાં ખંડન થવા સૌ ભેદનું;
નિર્મળ કરી નિજ દિલને રયા જાણવા સાધન ધરી
તેતુંજ ૮

શમ દમ અને ઉપરામ આણી તત્વ અષ્ટક જે ભણે
તે અમિત પામી આતમાને જન્મમર્ણ સહુ હણે
મુકુંદમાં મળતાં સદા આનંદ રૂપેં રે તરી.
તે તુંજ. ૯

अध्यात्मचिन्तन

ચોપાયા છંદ.

શ્રીમત્શંકરસ્વામી ચરણે, નમું ઉભય કરજોડી,
શ્રીસદ્ગુરૂ ગોવિંદ છે મારી,ભવ તરવાની હોડી;
ઉભય સ્વરૂપે એક સદા છે, સચ્ચિદાનંદ દેવા,
સત્યશરણ છે તેનું મારે,જીવન્મુક્તિ સુખ લેવા ૧
આત્મસ્વરૂપે અભેદ એનું,ચિંતન આજ કરૂં છું,
શંકરની ગીરવાણ ગીરાને, ગુર્જરમાં ઉચરૂં છું;
બ્રહ્મસ્વરૂપ છે મારૂં એવો,દૃઢ નિશ્ચય છે મારો,
વ્યાપક વાસુદેવ સ્વરૂપે, ક્ષણું ન કોથી ન્યારો.૨
બંધ મોક્ષ એકે નહિ મારે, સહુ કલ્પના કૂડી,
બ્રહ્મ સ્વરૂપથી પૃથક ન ઉરમાં,વાત વસીએ રૂડી;
એમ ઉપાસું સત્યસ્વરૂપને,સ્થિતિ બ્રહ્મમાં મારી,
ચિદ્સ્વરૂપે શુદ્ધ સદા હું,ચિત્તમાં ચિન્તનભારી. ૩
અસંગને અબાધિત હું છું, ઉપાધિના કશુ મારે,
ચિદ્રૂપ નીરંતર છે મારૂં, મુજ મન એવું ધારે;
બ્રહ્મસ્વરૂપ હું પોતે છું તો,પછી વર્ણાશ્રમ કેવાં,

નિશ્ચય એવું ભાસે મુજને,ગગન પૂષ્પનાં જેવાં.૪
અહું બ્રહ્મ તે જાણ્યું ત્યારે, સરવે બ્રહ્મસ્વરૂપે,
[1]ભૂત ઇશને દેવન દિસે, મિથ્યા માયા કૂપે;
હુંછું જૂદો હરિ છે જૂદા, એ રીતે ઉપાસે,
પશુ સમાન પુરૂષ પીડાતો,દ્વૈત દુઃખના ત્રાસે.૫
બ્રહ્મસ્વરૂપે હુંજ દેવ છું, અન્ય કશુના દિસે;
[2]આનંદાર્ણવ મધ્યે મારૂં,અભેદ મનડું હિસે.
સદાય બ્રહ્મ સ્વરૂપને સમરે, તેનાં દુષ્કૃત જાએ,
ગતી પરમ પદમાં થઇ તેનું,આવાગમન ત્રિલાયે ૬
જોક્ષણ બ્રહ્મસ્વરૂપને સમરે, તિમિરતનનું નાસે,
અવનીનું અંધારૂં બળપે, [3]તરણી તણાપ્રકાશે;
બ્રહ્માર્ણવ ભરપૂર ભર્યો છે, અભાન બુદબુદએમાં,
એ બુદ બુદ આકાશ સ્વરૂપે,[4]અનિલ ઉપજ્યો તેમાં
પવન વિષેથી પાવક પ્રકટયો,[5]વન્હિમાંથી વારી,
પાણીમાંથી પૃથ્વી ઉપજી, આદિ નરને નારી;
સહુ સમાયાં એ ઉ[6]વિમાં, જમીન જળમાં જાતાં

---

૧ પંચમહાભૂત. ૨ આનંદનો સમુદ્ર. ૩ સૂર્ય.
૪ પવન. ૫ અગ્નિ. ૬. પૃથ્વીમાં.

[1]જ્વલન મહિ જળ પ્રવેશ કરતાં, [2]શુક્ર [3]સ-
મીર સમાતાં. ૮
[4]આશુગ [5]અંબરમાંહે આવ્યો, નભ અવ્યાકૃતરૂપે,
અવ્યાકૃત આત્મામાં મળતાં, હું તે બ્રહ્મ સ્વરૂપે;
ચક્રપાણી હું વિષ્ણુ પોતે, માધવને મુરારી,
કર્તા ભોક્તા તણી કૃતી સૌ, અવિદ્યાએ વિસ્તારી. ૯
અનંતને અચ્યુત અમર હું, ગોવિંદને ગિરિધારી;
અશેષ આનંદીરૂપ મારૂં, જન્મ ગતી નહિ મારી;
નિરાલમ્બને નિરાકાર હું, નિર વિકલ્પ કહાવું,
સત ચિત આનંદરૂપ સદા છું, માયા વશમાં
નાવું. ૧૦
બ્રહ્મરૂપ ભરપૂર ભર્યું છે, કદિ નહિ સંસારી,
અભ્યાસ કરૂં આનંદ થકી, હું એ શબ્દો ઉચારી;
ધ્યાન યોગ એક માસ કરે તો, બ્રહ્મહત્યાથી છૂટે,
એક [6]અયન જો નિત્ય રટે તો, કીલ્મિશ સર્વે
છૂટે. ૧૧

---

૧ અગ્નિ. ૨ અગ્નિ. ૩ પવન. ૪ પવન. ૫ આકાશ. ૬ ૬ માસ.

એક સંવત્સર સ્નેહે સમરે, સરવે સિદ્ધિ પામે,
જીવતાં સુધી સદા જપે તો, જીવન્મુકિતમાં જામે;
દેહ નહિ હું પ્રાણુ નહિ, આ ઇંદ્રિયો નહિ મારી,
મન બુદ્ધિને ચિત્ત નહિં હું, અહંકૃતીખસનારી ૧૨
નહિ પવન હું પૃથ્વી પાણી,[1] પુષ્કર પાવક ન્યારાં,
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ તે, કદિ ન હોયે મારાં;
નહિ[2] સંસૃતિ સ્વરૂપ મારૂં, મારામાં નહિ માયા,
સાક્ષી સ્વરૂપે સદાશિવ હું, જેવાં જળને છાંયા.૧૩
કર્તા ભોક્તા સંગ રહિત છું, પરમેશ્વર છું પોતે,
પુન્ય પાપની વાતજેમ કોઇ, લખે બતીની જ્યોતે;
તેમ ઇંદ્રિયો ચેષ્ટા કરતી, હું છું સાક્ષી ન્યારો,
આદિ મધ્યને અંત મુકતછું, બ્રહ્માત્માના મારો.૧૪
સ્વભાવનિર્મલ શુદ્ધ પ્રકાશી, સંશય કાંઇ ના મારે,
અનંત શકિતમાન સદા હું, સર્વ તણા આધારે;
સત્યાનંદને બોધ સ્વરૂપ હું વ્યાપક છું સો ઠામે,
એવું ચિન્તન અહોનિશમેં, જમળ્યું હૃદય મુકામે.

---

૧ આકાશ. ૨ સંસાર.

પ્રપંચ જે આ સઘળો છે તે, જૂઠો સ્વપ્ના જેવો.
વેદ સાક્ષીને ગુરૂ કૃપાથી, કીધો અનુભવ એવો;
મારામાંથી સર્વ થયું છે, મારામાં છે સ્થિતિ,
અંતે સઘળું લય મારામાં, બ્રહ્મસ્વરૂપ નિર્ભિતી. ૧૬
બ્રહ્મરૂપ હું નહિ સંસારી, બ્રહ્મ થકી ના ન્યારો,
મુકુંદ નામે દેહ નહિ હું, પિંડ નહિ એ મારો;
શુદ્ધ સનાતન સ્વરૂપ હું છું, એક અભેદ સદાયે,
એક અદ્વીતિય બ્રહ્મસ્વરૂપમાં, જન્મ ન મર્ણ
કહાએ. ૧૭

॥ ૐ ॥

દોહરા.

ચિન્તન આત્મ સ્વરૂપનું, કીટ ભ્રમરની પેર;
કરતાં શાન્તિ પામશે, સદા રહી નીર્વૈર.

હર્ષ શોક હૈયે નહીં, નહીં જગતનું ભાન;
દિલ દર્પણમાં જન જુએ, નિજ પ્રતિબિંબ સમાન

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

॥ समाप्त ॥

શિખરણી.

સદા શાન્તિ દાતા, ભુવન ત્રય માંહે સુર
સુધાની ધારાથી, સરવ જનના આમર
ક્ષમા દાન્તિ નીતિ, અભય મનમાં આર્જવ ધરો;
દયા દીલે ધારી, સુ વિભવ ભરી શ્રેયસ કરો.

મળવાનું ઠેકાણું.

શ્રી માહાકાળેશ્વર માહાદેવમાં પનિયારી
દરવાજા બાહાર મુ. ખંભાત.